ખાતાના વડાઓની કચેરીઓનું નિરીક્ષણ
કરવાનો વાર્ષિક કાર્યક્રમ સને ૨૦૧૫-૧૬.

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
પરિપત્ર નં.સકલ/૩૦૨૦૦૮/૧૮૫૪/પી.
તારીખ:૧૮/૦૩/૨૦૧૫

પરિપત્ર:

ગૃહ વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળના ખાતાના વડા/નિગમની કચેરીઓનો સને ૨૦૧૫ ના વર્ષ માટેનો વાર્ષિક કાર્યક્રમ નીચે મુજબ રહેશે.

| ક્રમ | ખાતાના વડા/નિગમનું નામ | સંબંધકર્તા અધિકારી | નિરીક્ષણ સમય |
|---|---|---|---|
| ૧ | પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર | સંયુક્ત સચિવશ્રી(ક.ગ.) અને સંયુક્ત સચિવશ્રી (ટી.સી.એન્ડ ટી) | એપ્રિલ -૨૦૧૫ |
| ૨ | કમાન્ડન્ટ જનરલશ્રી, હોમગાર્ડ્સ, ગુજરાત રાજ્ય, અમદાવાદ | સંયુક્ત સચિવશ્રી (કા.વ્ય.) | એપ્રિલ.-૨૦૧૫ |
| ૩ | નિયામકશ્રી, ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરી, ગાંધીનગર | સંયુકત સચિવશ્રી (ટી.સી.એન્ડ ટી) | મે.- ૨૦૧૫ |
| ૪ | અધિક પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ | નાયબ સચિવશ્રી (જેલ) | મે. -૨૦૧૫ |
| ૫ | મુખ્ય પોલીસ અધિકારી અને નિયામકશ્રી, લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો, અમદાવાદ | સંયુક્ત સચિવશ્રી (ક. ગ.) | જૂન - ૨૦૧૫ |
| ૬ | મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ, ગાંધીનગર | નાયબ સચિવશ્રી (સંકલન) | જૂન.- ૨૦૧૫ |
| ૭ | નિયામકશ્રી, નાગરિક સંરક્ષણ, ગુજરાત રાજ્ય, અમદાવાદ | સંયુક્ત સચિવશ્રી (કા. વ્ય.) | જુલાઇ-૨૦૧૫ |
| ૮ | નિયામકશ્રી, નશાબંધી અને આબકારી, ગુજરાત રાજ્ય, અમદાવાદ | નાયબ સચિવશ્રી (નશાબંધી) | ઓગષ્ટ-૨૦૧૫ |
| ૯ | નિયામકશ્રી, સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ, અમદાવાદ | સંયુક્ત સચિવશ્રી (કા.વ્ય.) | નવે.૨૦૧૫ |
| ૧૦ | મહાનિયામકશ્રી, રક્ષા યુનિવર્સિટી, અમદાવાદ | સંયુક્ત સચિવશ્રી (ટી.સી.એન્ડ ટી) | ડીસે.-૨૦૧૫ |
| ૧૧ | મહાનિયામકશ્રી, ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી, ગાંધીનગર | સંયુક્ત સચિવશ્રી (ટી.સી.એન્ડ ટી) | ડીસે.-૨૦૧૫ |

૨/ સામાન્ય વહીવટ વિભાગના તા.૨૦/૦૮/૧૯૮૭ના પરિપત્ર નં. તપસ/૧૦૮૭/ બાવેજા /૭૯ / ૮૨/૫૪/૫૩૮૪/વસુતાર/પં મુજબ ખાતાના વડાની કચેરીના નિરીક્ષણ સંબંધિત નાયબ સચિવશ્રી/ઉપસચિવશ્રીની દેખરેખ હેઠળ હાથ ધરવાનું હોવાથી, નિરીક્ષણ દરમ્યાન સંબંધિત અધિકારીશ્રીએ ખાતાના વડાની કચેરીઓમાં જવાનું રહેશે. આ નિરીક્ષણ સામાન્ય વહીવટ વિભાગની ઉક્ત સૂચનાઓ મુજબ કરવાનું રહેશે અને તે અંગેની નિરીક્ષણ નોંધ બનાવી મેમોરીડીંગ અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ)/સચિવશ્રી(ગૃહ) ને રજૂ કરવાનું રહેશે.

૩/ આ નિરીક્ષણમાં જનાર સભ્યોની પસંદગી, સંબંધિત નાયબ સચિવશ્રી/ઉપસચિવશ્રીએ નક્કી કરવાની રહેશે. વધુમાં ઉક્ત વાર્ષિક નિરીક્ષણ કાર્યક્રમમાં અનુકૂળતા મુજબ (એક દિવસ માટે) વિભાગની "પી" શાખા, બજેટ શાખા તથા રોકડ શાખાના પણ એક-એક પ્રતિનિધિનો સમાવેશ કરવાનો રહેશે. આ ઉપરાંત પોલીસ મહાનિદેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગાંધીનગરની કચેરીના નિરીક્ષણ માટે સંયુક્ત સચિવશ્રી(ક.ગ.) તથા સંયુક્ત સચિવશ્રી (ટી.સી.એન્ડટી.) ની સંયુકત ટીમ બનાવવાની રહેશે, જેમાં વિભાગની "ટ" શાખાના એક પ્રતિનિધિનો પણ સમાવેશ કરવાનો રહેશે. આ અંગેના હુકમો જે તે શાખાએ ઉક્ત કાર્યક્રમમાં દર્શાવેલ મહિનાઓ દરમ્યાન તેમની અનુકૂળતા મુજબ અલગથી કરવાના રહેશે.

૪/ નિરીક્ષણ અહેવાલ સંકલન શાખાની જાણ હેઠળ નાયબ સચિવશ્રી(વસુતાપ્ર), સામાન્ય વહીવટ વિભાગને મોકલી આપવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જયશંકર ઓધવાણી)
ઉપ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

(૧) અધિક મુખ્ય સચિવશ્રી (ગૃહ) / સચિવશ્રી (ગૃહ) / સંયુક્ત સચિવશ્રી (કા.વ્ય.) ના અંગત સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) સંયુક્ત સચિવશ્રી, (કા. વ્ય.) ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૩) સંયુક્ત સચિવશ્રી, (ક. ગ.) ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪) સંયુક્ત સચિવશ્રી, (ટી. સી. એન્ડ ટી.) ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૫) નાયબ સચિવશ્રી, (મહેકમ) ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૬) નાયબ સચિવશ્રી, (સંકલન) ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૭) નાયબ સચિવશ્રી, (ફરિયાદ/નશાબંધી/બજેટ) ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૮) સર્વે ઉપસચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૯) સર્વે સેક્શન અધીકારીશ્રીઓ(વહીવટી શાખાઓ) ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૦) સર્વે ખાતાના વડાશ્રીઓ, બોર્ડ/નિગમ, (તકેદારી આયોગ/માનવ અધિકાર સિવાય)

(૧૧) સેક્શન અધિકારીશ્રી, વસુતાપ્ર-૧, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૨) સેક્શન અધિકારીશ્રી, આઇ.ટી. શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. સદરહુ પરિપત્ર વિભાગની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા સારૂ.